# ખેડૂતભાઇઓ એરંડાનો સંગ્રહ કરી મે, ૨૦૧૭ પછી વેંચવાનો નિર્ણય કરી શકે છે

ભારતમાં સને ૨૦૧૧-૧૨માં એરંડાનું ૨૨.૯૫ લાખ ટન જેટલું વિક્રમ જનક ઉત્પાદન થવાથી છેલ્લા પાંચ વર્ષથી તેના ભાવ દબાણ હેઠળ રહેલ છે. જેથી, ચાલું વર્ષ ૨૦૧૬-૧૭માં વાવેતર વિસ્તાર ગયા વર્ષના ૧૦.૩૭ લાખ હેક્ટરથી ઘટીને ૮.૩૫ લાખ હેક્ટર થવાનો અંદાજ છે અને ઉત્પાદન પણ વર્ષ ૨૦૧૫-૧૬ના ૧૭.૫૨ લાખ ટનથી ઘટીને ચાલું વર્ષ ૧૪.૫૦ લાખ ટન જેટલું થવાનો અંદાજ છે. એરંડાનું ઉત્પાદન કરતાં મુખ્ય રાજ્યો ગુજરાત, રાજસ્થાન અને આંધ્રપ્રદેશમાં સને વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં અનુક્રમે ૧૬.૭૫, ૧૫.૭૨ અને ૧૭.૩૦ લાખ ટન એરંડાની (એપીએમસી) બજારમાં આવક નોંધાયેલ છે. જે દર્શાવે છે કે ખેડૂતો પાસે ચાલું વર્ષે એરંડાનો સંગ્રહ કરેલ જથ્થો નહીવત હશે.

ચાલું વર્ષ ૨૦૧૬-૧૭માં ગુજરાતમાં એરંડાનું વાવેતર ઘટીને ૫.૬૫ લાખ હેક્ટરમાં થવાનો અંદાજ છે. જે ૨૦૧૫-૧૬માં ૭.૧૪ લાખ હેક્ટર હતું. તેમજ ઉત્પાદન પણ ઘટીને અંદાજે ૧૧.૫૦ લાખ ટન જેટલું થશે જે ગત વર્ષે ૧૪.૧૩ લાખ ટન મળેલ. કેટલાક વિસ્તારમાં પાણીની અછત સિવાય પાક પરિસ્થિતિ સામાન્ય છે. જેના કારણે સામાન્યથી ઓછું ઉત્પાદન થશે. રાજસ્થાન અને આંધ્રપ્રદેશમાં પણ વાવેતર ગત વર્ષ કરતા ઓછું થયેલ છે.

સને વર્ષ ૨૦૧૪-૧૫માં દેશમાંથી ૪.૫૯ લાખ ટન એરંડાના તેલની નિકાસ થયેલ, જે વધીને વર્ષ ૨૦૧૫-૧૬માં ૫.૪૩ લાખ ટન થયેલ છે. ચાલું વર્ષે પણ એપ્રિલ, ૨૦૧૬ થી ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં ૩.૭૮ લાખ ટન જેટલી નિકાસ થયેલ છે. જે માર્ચ, ૨૦૧૭ સુધીમાં ગત વર્ષ જેટલી થવા સંભવ છે. એરંડીયા તેલના વિવિધ ઉત્પાદકોની નિકાસ અને ઘરેલુ વપરાશ અંદાજીત ૨ લાખ ટન જેટલી થશે. તેના માટે અંદાજીત ૧૬.૪૦ લાખ ટન એરંડાનુ પિલાણ કરવાની જરૂરિયાત રહે છે. જે દર્શાવે છે કે વર્તમાન ઉત્પાદન તેલની માંગ કરતા ઓછું રહેશે. વેપારીઓ પાસે સંગ્રહેલ જથ્થો એ એક માત્ર ભાવ પર અંકુશ રાખતુ પરીબળ છે. ગુજરાતની વિવિધ બજારોમાં ડિસેમ્બર,૨૦૧૫ માં એરંડાના ભાવ મણના રૂા.૭૪૦ની આસપાસ હતા, તે ઘટીને ફેબ્રુઆરી ૨૦૧૬માં મણના રૂા. ૬૧૦ આસપાસ થયેલ. ફ્યુચર કોંટ્રાક્ટ જાન્યુઆરી, ૨૦૧૭ થી ફરી શરૂ થતા એરંડાના ભાવ ગુજરાતની વિવિધ માર્કેટમાં ફરીથી વધીને મણના રૂા. ૭૬૦ જેટલા થયેલ અને હાલ મણના રૂા. ૭૪૦ ની આસપાસ પ્રવતમાન છે જે કાપણીના સમયે થોડી વધ–ઘટ સાથે સ્થિર રહેશે અને પછી ભવિષ્યમાં થોડા વધવાની શક્યતા છે.

ઉપરોક્ત વિગતે બજાર અહેવાલને ધ્યાનમાં લઇને કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે પાટણ માર્કેટના એરંડાના પાછલા વર્ષોના માસિક ભાવોનું પૃથકરણ કરેલ છે જેના તારણ મુજબ **એરંડાનો ભાવ માર્ચ થી મે, ૨૦૧૭ (કાપણીના સમય) દરમ્યાન મણના રૂા. ૭૪૦ થી ૮૨૦ (રૂા. ૩૭૦૦ થી ૪૧૦૦ પ્રતિ ક્વિન્ટલ) આસપાસ રહેવાની સંભાવના છે.** આથી ખેડૂતભાઇઓ ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનનાં રાખીને પોતાની રીતે નિર્ણય કરી અનુકૂળતા મુજબ એરંડાનો સંગ્રહ કરી અને મે, ૨૦૧૭ પછી વેચવાનો નિર્ણય લઇ શકે છે, જો નિકાસની તકો જળવાય રહેશે તો એરંડાનો ભાવ ભવિષ્યમાં વધવાની થોડીક સંભાવના રહેલી છે.